

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*શાળાએ સિંચેલા સંસ્કાર, સૌનું નામ દિપાવે છે,*
*બને ગૌરવ દેશનું વિશ્વમાં નામ અપાવે છે,*
*રોપાવે મોદીજી શ્રદ્ધા-વિશ્વાસ છોડ બને વટવૃક્ષ-*
*પ્રસન્ન ભારત મીરાંની પીઠ થપથપાવે છે.*
*('ખેલો ઈન્ડિયા' માટે મોદીજીને અભિનંદન)*

### હાઈકુ

*મીરાં પી ગયાં*
*વિજયનો પ્રથમ -*
*અમૃત પ્યાલો...*

*ઓલિમ્પિકના*
*ખોલાવ્યા દરવાજા*
*ધન્ય મોદીજી...*

### ચિંતન

***સહૃદયં સાંમનસ્યમ્ વિદ્વેષ કૃણોમિ વઃ।***
***ભદ્રં નો અપિ વાતયમનઃ ॥***

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

તમે સૌ સહૃદય બનો, તમારું મન ભલું રહે, પરસ્પર કોઈનામાંથી તમારો વિદ્વેષ ન થાય, તમે એકબીજાને પ્રેમ કરો.

હે પ્રભુ! અમારા હૃદયને કલ્યાણથી ભરી દો અને આનંદથી ભરાયેલું મન લઈને અમે ધરતી ઉપર જ્યાં પંગ મૂકીએ ત્યાં આનંદ જ આનંદ છલકાતો જાય. જે અમારો અવાજ સાંભળે તે આનંદથી ભરાઈ જાય, આનંદની વર્ષા થવા લાગે, આનંદની ગંગા વહેવા લાગે, આનંદનો સમુદ્ર છલકાવા લાગે. અમારા શરીરને આનંદનો ખજાનો બનાવીને પરમાત્માએ મોકલ્યા છે.

પરમાત્મા સ્વયં આનંદ છે અને આનંદ પ્રદ અમારું આ જીવન આનંદને ઉલ્લાસિત કરવા માટે છે, પ્રકાશ પાથરવા માટે છે, અમૃતની વર્ષા કરવા માટે છે. આ જીવન દુઃખી થવા માટે પણ નથી અને દુઃખી કરવા માટે પણ નથી. તમે કર્તવ્યનું પાલન કરો અને સતત પરમાનંદ પ્રભુને નિહાળો, જે દરેક સ્થાનમાં, દરેક વસ્તુમાં, દરેક સમયમાં, દરેક રુપમાં તમારી સામે રહે છે.

### સુવિચાર

- તમે સ્પષ્ટ વક્તા બનવા માંગતા હોય તો તમારી જાતને નિખાલસ બનાવો - **ખલીલ જિબ્રાન**
- પિતા નારાજ થાય તો ખુદા નારાજ થાય - **હદિસ બોધ**
- જૂઠ દરેક કુટેવો અને ગુનાઓનું મૂળ છે - **બોધિવૃક્ષ**
- ધન યૌવન કા કરે ગુમાન સો મૂરખ મંદ અજ્ઞાન - **કબીર વાણી**
- એકાદ કોડિયામાં દિવેલ થઈએ તો બસ છે,
  રાત્રે સુરજ ઉગાડવાનું આપણું ગજું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેકની આંખમાં એક તોફાન હોય છે,
  કેટલું છુપાવવું કેટલું બતાવવું પાંપણના વશમાં હોય છે - **જનાર્દન દવે**
- આજનું ઔષધ : અશ્વગંધાનું ચૂર્ણ દૂધમાં ઉકાળીને બાળકોને પીવડાવવાથી બાળખોનાં શરીરનો સમતોલવ વિકાસ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

તર્કશાસ્ત્રનાં પંડિત રામનાથે કૃષ્ણનગર રાજયના છેવાડાનાં જંગલમાં ગુરુકુળની સ્થાપના કરી. એમની આર્થિક હાલત સારી ન હતી. તેમ છતાં જ્ઞાનનો યજ્ઞ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા કરી. રાજા શિવચંદ્ર કે તેઓ ખુલ નીતિશાસ્ત્રના જાણકાર હતા. તેમણે પંડિત રામનાથની ગરીબીની વાત કાને પડી. રાજા શિવચંદ્ર ખુદ રામનાથને મળવા ગુરુકુળ પહોંચ્યા. રાજાએ પૂછ્યું. 'પંડિતજી, આપને હું શું મદદ કરી શકું?' પંડિતજીએ કહ્યું, 'મહારાજ, ભગવાને મારી જરૂરિયાતો પૂરી કરી છે હવે કોઈ અભાવ નથી.' રાજાએ પૂછ્યું, 'હું તમારા ઘર ખર્ચ માટે પૂછી રહ્યો છું.' પંડિતજીએ કહ્યું, 'ઘર ખર્ચની વાત મારા કરતાં મારા પત્નીને વધુ ખબર છે આપ એમને જ પૂછી જુઓ.' રાજાએ રામનાથના પત્નીને પૂછ્યું, 'માતાજી, ઘર ખર્ચ માટે કોઈ કમી તો નથી ને!' પંડિતજીના પત્નીએ જવાબ આપતાં કહ્યું, 'મહારાજ, સર્ સમર્થ પરમેશ્વર એટલે એમના ભક્તો ને કયાં કોઈ કમી હોય? પહેરવા માટે કપડા છે, સુવા માટે પથારી છે. પાણી માટે માટીનો ઘડો છે, વિદ્યાર્થીઓ જે ભિક્ષા લાવે તેમાંથી ચાલી રહે છે. અને આનાથી વધારે જરૂર પણ શી છે? કોઈ કમી થી અમારું જીવન અટક્યું નથી.' રાજાએ કહ્યું, 'દેવીજી, થોડાક ગામોની જાગીર આપીએ તો આપ પણ સારી રીતે જીવી શકશો અને ગુરુકુળ પણ વધુ સારી રીતે ચાલશે.' પંડિતજીના પત્નીએ કહ્યું, 'દરેક માણસને ભગવાને જીવનરુપી જાગીર લખી આપેલી છે. આ જાગીરને જે સારી રીતે સંભાળી શકે છે, પછી કોઈ વસ્તુનો અભાવ રહેતો નથી.' રાજાએ પંડિત રામનાથ અને તેમના પત્નીને વંદન કરી વિદાય લીધી.

# લાંચ આપવા બદલ સાંસદને સજા

### તંત્રીસ્થાનેથી...

શું આપણા દેશમાં રાજકારણીઓ કાનૂનની પર છે? અત્યાર સુધી જનસાધારણને તો એમ જ લાગતું રહ્યું છે કે ગમે તેવો ગુનો આચરે પણ 'સમરથ કો નહીં દોષ ગુસાઈ.' રાજા રજવાડાંના શાસનમાં રાજ પરિવારની વ્યક્તિ કોઈ ગુનો કરી બેસે તો એને બહુ બહુ તો ઠપકો આપી શકાતો હતો, સજા હરગિજ નહીં. ચાતુર્વણર્યની પ્રથા અનુસાર બ્રહ્મહત્યા બહુ જ જઘન્ય અપરાધ ગણાતો પરંતુ બ્રાહ્મણ કોઈની હત્યા કરે તો એને મૃત્યુદંડ નહોતો થઈ શકતો. વર્ણ શ્રેષ્ઠતાને કારણે એને આ 'ઈમ્યુનિટી' વારસામાં મળી જતી. આવી જ ઈમ્યુનિટી આપણા રાજકારણીઓ પણ ભોગવતા આવ્યા છે, અલબત્ત એ અલિખિત ઈમ્યુનિટી સામે પણ કોઈ ન્યાયની દેવીનો જ આદેશ માનીને વિશેષ સેશન્સ કોર્ટનો ન્યાયાધીશ હિંમતપૂર્વક સજા ફરમાવે ત્યારે એને સલામ જ કરવી પડે. વાત તેલંગાણાની મહેબૂબાબાદની બેઠક પરથી ચૂંટાયેલા ટીઆરએસ પાર્ટીના સૌંદર્યવાન સાંસદ કવિતાની છે. કવિતાના ચૂંટણી પ્રચાર વખતે એમના સમર્થક નાણા કોથળી લઈને મતદારોને રીઝવવા નીકળ્યા હતા અને ચૂંટણી પંચ દ્વારા ગઠિત સ્કવોડના અધિકારીઓએ એમને રંગે હાથે ઝડપી લીધા હતા. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતની આ ઘટનાનો ચુકાદો ૨૦૨૧ના ઉત્તરાર્ધમાં આવ્યો છે અને લાંચ આપતાં હાથોહાથ પકડાઈ ગયેલ શૌક્ત અલી તથા એની કબૂલાતના આધારે જેના માટે લાંચ અપાયેલી તે તત્કાલીન સંસદની ચૂંટણીનાં ઉમેદવાર અને વર્તમાન સાંસદ કવિતાને કોર્ટે છ-છ મહિનાની સજા તથા દસ-દસ હજાર રુપિયાનો દંડ ફટકારેલ છે. જો કે બેઉને હાઈકોર્ટમાં અપીલ કરવા માટે જામીન મળી ગયા છે અને મોટાભાગના વાચકો વિચારતા હશે એમ આગળ જતાં આખો કેસ લૂલો થઈ જવાની પૂરી સંભાવના છે. બનવાજોગ કે સાંસદ કવિતાને એમની ટૂર્મ પૂરી થાય ત્યાં સુધી ઊની આંચ ન આવે! આ તો ઈન્ડિયા છે. પોલીસતંત્રતી લઈ સાક્ષીઓ સુધી તમામને તરફેણમાં કરી શકવાની પ્રચંડ ક્ષમતા રાજનેતાઓમાં હોય જ વળી. એમાંય આ તો તેલંગાણાની શાસક પ્રાદેશિક પાર્ટીનાં લાડકાં સાંસદ છે. એમને રાજયસરકારનું ભરપૂર સંરક્ષણ મળશે અને હાઈકોર્ટ તો આખરે હૈદરાબાદમાં જ છે ને! ન્યાયધીશો સાથે પણ નેતાઓના તાર અવિનાભાવે જોડાયેલા જ હોય છે, એ કહેવાની જરૂર ખરી ? પરંતુ એક શુભ શરુઆત જરૂર થઈ છે. અદાલતે એની ફરજ બજાવી છે અને લાંચ આપીને મત ખરીદતા નેતાઓનાં પ્રતિનિધિ તરીકે કવિતાનો રુપાળો ચહેરો ફોકસમાં આણી દીધો છે. એ પણ કોઈ નાનું સૂનું સાહસ નથી. સાત કોઠાની જડબેસલાક કિલ્લેબંધીમાં એક બાકોરું પડ્યું એનોય પ્રજા તરીકે તો આપણે હરખ જ કરવો રહ્યો. બાકી ન્યાયતંત્રણ પણ રાજતંત્રને કેટલું વહાલું થવા મથતું રહે છે એનાં કુડીબંધ ઉદાહરણો આપણી પાસે છે જ. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્ત પાસે અપેક્ષિત ચુકાદા મેળવી લઈ એમને ઊંચા સરકારી પદોની નવાજેશ કરી શકાય છે. ભલેને પછી મીડિયા માછલાં ધુએ. ભલેને ચોખલિયા નિવૃત્ત ન્યાયાધીશો કાગારોળ મચાવે અને વિપક્ષો અને ચૂંટણીનો મુદ્દો બનાવે ! ગાંધીવૈદ્યનું સહિયારું તો શરુથી જ ચાલતું આવ્યું છે અને ચાલતું રહેવાનું છે. પ્રો-એક્ટિવ બનેલી ન્યાયપાલિકા પણ એટલું તો સમજે છે કે આખરે અંતિમ સત્તા તો 'લોકપાલિકા' અર્થાતા ચૂંટાયેલા સાંસદ પાસે જ છે. એ જરૂર પડ્યે કાયદા ઘડી પણ શકે છે અને કાયદાની કલમો નાબૂદ પણ કરી શકે છે. વળી જે મામૂલી પાંચસો-પાંચસોની વહેંચણીને 'લાંચ' ગણીને વિદ્વાન ન્યાયમૂર્તિએ કવિતાનો પ્રાસ ખંડિત કરવાનો પ્રયાસ કર્યો છે એની સરખામણીને નેતાઓ, બાબુઓ અને ખુદ કેટલાક ન્યાયવિદો અનેકાનેક ગણી રકમો ગુપચાવતા ફરે છે, જેની કોઈને ગંધ પણ આવતી નથી. લાંચ તો આજકાલ 'વહેવાર' ગણાય છે, એનો છોછ નથી આપનારને હોતો કો નથી લેનારને રહેતો. ગરીબડો મતદાતા આખી જિંદગી નાની મોટી, એના ગજા મુજબની લાંચ આપીને સરકારી કામો કઢાવતો ફરે છે. પેપરવેઈટ મૂકયા વગર સરકાર કે ન્યાયતંત્રમાં પણ કોઈ કાગળિયું હાલતું ન હોય અને ખોટામાં ખરું કરવા કે ખૂન કેસમાંથી પુરાવાના અભાવે નિર્દોષ છૂટવા ખુદ ન્યાયતંત્રની ધોરીનસ જેવા વકીલો ધરાઈને રુપિયા ખાય છે. ડૉકટરો ખોટા સર્ટિફિકેટો આપવા લાંચ માગે છે. પોલીસનું તો પુછવું જ શું? પોલી, પોલિટિશિયનમાં એક બીજો 'પ' પત્રકારોનો પણ ઉમેરવો જ પડે!

# સૂરોના શહેનશાહ અને માનવતાના પૂજારી - મોહમ્મદ રફી



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'તેઓ રિહર્સલને ખુબ મહત્વ આપતા.'

'અભિનેતા કોણ છે, સીચ્યુએશન શું છે? તેનો અભ્યાસ કરીને એ પ્રમાણે ગીતો ગાતા હતા.'

'કોઈ પણ વયના સહગાયક - ગાયિકાને સંભાળી લેવા એ રફીનો અનોખો ને ઉચ્ચ કોટિનો ગુણ હતો.'

'મારો મનગમતો ગાયક કોણ? કોઈ પછે તો આંખો મીંચીને મોહમ્મદ રફીનું નામ આપીશ.' ... આ વાક્યો ગાયકો સંગીતકારોએ કહ્યા છે મોહમ્મદ રફી માટે.

ભારતીય સિમેના સંગીત, હિનદી ચલચલિત્રોના ગીતોના શહેનશાહ મોહમ્મદ રફી એકથી એક ચડિયાતા ગાયકો જે સમયે મેદાનમાં હતા એ સમયે મોહમ્મદ રફી સંગીતકારોના પ્રોડ્યુસરો અને શ્રોતાઓના હૃદયમાં પોતાની જગ્યા કરી લીદી. એમના ગીતો પછીએ શાસ્ત્રીય સંગીતના હોય કે વેસ્ટર્ન મ્યુઝિકના હોય, બધા જ શ્રોતાઓને એમાં પોતાની લાગણીનું પ્રતિબિંબ જણાતું.

૨૪-૧૨-૧૯૨૪ના રોજ કોટલા, સુલતાનસિંહ, પંજાબમાં જન્મ અને તા. ૩૧-૦૭-૧૯૮૦ના રોજ મુંબઈમાં અવસાન. માત્ર ૫૬ વર્ષની આયુમાં હજારો ગીતો ગાઈને અને લાઈવ પરફોર્મન્સ આપીને મોહમ્મદ રફી અમર થઈ ગયા.

'સંગીતકાર નૌશાદે એમને 'શાહજહાં' મુવિમાં કોરસમાં ગાવાની તક આપી. મુખ્ય ગાયક કે. એલ. સાયગલ હતા. તેઓ મોહમ્મદ રફીને ઓળખી ગયા કારણ કે અગાઉ લાહોરના એક કાર્યક્રમમાં સાયગલ સાહેબને મળવા મોહમ્મદ રફી ખાસ ગયા હતા, ને તે સમયે રફી સાહેબે ગીત ગાઈને સાયગલ સાહેબના આશીર્વાદ મેળવ્યા હતા.

ઉત્તમ ગાયકમાં હોવી જોઈએ તે તમામ કલા તો મોહમ્મદ રફી ને સહજ પ્રાપ્ત હતી જ પરંતુ આ ઉપરાંત તેઓ ઉત્તમ અને નખશીખ સજ્જન એવા માણસ હતા. ઓછું બોલવું, બીજાનું સન્માન સાચવવું, બીજાને મદદ કરવી, પ્રેમ વહેંચવો જેવા ગુણોથી સભર હતા મોહમ્મદ રફી.

જેટલા ભાવથી નાત કે કવ્વાલી ગાય એટલા જ ભાવથી ભજન કે કવિતા પણ ગાય. તેઓ મ્યુઝિક રુમમાં આવે એટલે બધાને સાથે લાવેલું અત્તર હાથમાં લગાડે ને કહે 'ખુશ્બુ બાંટો.' એમના જુહુના બંગલે દર શુક્રવારે જરૂરિયાતમંદોને તેઓ 'ખેરાત' કરતા હતા. નાના નાના માણસોને મદદ કરતા ને પ્રેમ પણ કરતા.

એકવાર કોઈએ એમને પૂછ્યું હતું કે 'તમે ભક્તિગીતો આટલી ઉત્કટતાથી કેવી રીતે ગાઈ શકો છો? તો રફી સાહેબે કહ્યં હતું કે હું અંતર્ભાવને વિનવું છું કે ભગવાને કોઈ ભેદ નથી રાખ્યા તો આપણે કેમ રાખવા ? એમના બંગલામાં ચોકીદારની દીકરીના લગ્ન હતા તો તમામ ખર્ચ માટે જરૂરી રકમ રફી સાહેબે આપી હતી. એક મુલાકાતમાં ઓ.પી. નૈયરે કહ્યું હતું કે 'રફીને કડવા કારેલા બહુ ભાવતા હતા પરંતુ સ્વભાવમાં માત્ર મીઠાશ જ ભળેલી હતી.'

ગીતકાર કે શાયરના શબ્દો મેં સમજીને-પામીને, અદાકારના હાવ-ભાવને અનુરુપ ઉત્તમ પ્રસ્તુતિને કારણે જે - તે સમયના લગભગ તમામ સંગીતકારો સાથે અને અભિનેતાઓ માટે રફી સાહેબે ગીતો ગાયા.

હિન્દી ઉપરાંત અનેક પ્રાદેશિક ભાષાઓમાં મોહમ્મદ રફીએ ગીતો ગાયા છે. ગુજરાતી ભાષાની વાત કરીએ તો ગુજરાતી ફિલ્મોના અને ગૈરી ફિલ્મી આલ્બમોના અનેક ગુજરાતી ગીતો આપણા સહુ માટે મધુર સંભારણા બની રહ્યા છે.

કલાકારમાં ઉત્તમ કલાની સહજ પ્રસ્તુતિ હોય અને સાથે માણસ તરીકે પણ એ પળપળ માણસાઈથી જીવતા હોય ત્યારે એમની કલાના અજવાળા સર્વકાલીન બની રહે છે.

# વાલ્મીકિકૃત અને તુલસીકૃત રામાયણમાં રામ અને સમુદ્રના સંવાદ-પ્રસંગનું વિશ્લેષણ



વિચારયાત્રા
ડો. જય ઓઝા

ગુજરાતનો દરિયા કિનારો ભારતના બીજા બધા જ રાજ્યો કરતાં વિશાળ છે. આપણને દરિયાનો વિશેષ લાભ મળ્યો છે. હમણાં શ્રી ગુણવંતરાય આચાર્યની "સક્કરબાર" અને "દરિયાલાલ" જેવા પુસ્તકોમાંથી પસાર થવાનું થયું.

આ પરથી વિચાર આવ્યો કે પ્રભુ શ્રીરામ જ્યારે લંકા પાર કરવા માટે રામેશ્વર પહોંચે છે અને ત્યારબાદ સમુદ્રને વિનંતી કરવા છતાં સમુદ્ર માર્ગ આપતો નથી, ત્યારે શ્રીરામ ક્રોધિત થાય છે. આ વાતનું વર્ણન આદ્યકવિ વાલ્મીકીએ રામાયણમાં અને શ્રી તુલસીદાસજીએ રામચરિતમાનસમાં કેવી રીતે કર્યુ છે તેનું વિવેચન કરવાનું મન થયું.

આમ જોવા જઈએ તો આ એક વિવેચનાત્મક લેખ છે પરંતુ ઉપનિષદોના મહાવાક્યો પરના લેખ ઉપર પ્રોત્સાહક ટિપ્પણીઓ અને ઉત્સાહપ્રેરક સંદેશા મળ્યા છે તેથી આપ વાચકો સમક્ષ આવા વિવેચનાત્મક લેખને પ્રસ્તુત કરવાનું સાહસ કરું છું.

દરિયો... સમુદ્ર... સાગર... આ શબ્દો જ કોઈ અગાધ મહાર્ણવને પ્રત્યક્ષ કરી દે છે. સંસ્કૃતના ભાષાના લૌકિક સાહિત્યમાં અને વૈદિક સાહિત્યમાં સમુદ્રને દેવતાનું બિરુદ આપવામાં આવ્યું છે. ઋગ્વેદમાં તો ૧૩૩ વખત "સમુદ્ર" શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પુરાણોમાં પણ સમુદ્રમંથન તેમજ વરાહઅવતાર, મત્સ્યાવતારમાં સમુદ્રના ઉલ્લેખ અનેક વખત જોવા મળ્યા છે.

નિરુક્ત મુજબ સમુદ્ર શબ્દનું નિર્વચન :

સમુદ્રનું નિર્વચન યાસ્ક મુનિ પ્રમાણે આ મુજબ થાય છે. સમુદ્રનું નિર્વચન યાસ્ક મુનિ પ્રમાણે આ મુજબ થાય છે. અંતરિક્ષ કસ્માત્। અન્તરા ક્ષાન્ત ભવતિ અન્તરા ઈમે ઈતિ વા। શરીરેષ્ણન્તરક્ષયમિતિ વા। તત્ર સમુદ્ર (નિઘન્ટુ ૧/૩/૧૫) ઈત્યેતત્પાર્થિવેન સમુદ્રેણ સંવિહ્યતે। સમુદ્રઃ કસ્માત્ : સમુદ્રદ્રવન્ત્યસ્માદાપઃ સમભિદ્રવન્ત્યેનમાપઃ। સંમોદન્તેઢસ્મિન્ ભૂતાનિ। સમુદ્ર કો ભવતિ। સમુનત્તીતિ વા॥

અન્તરિક્ષ શબ્દ કેવી રીતે બન્યો છે ? તો. ૧. જે વચ્ચે અને ક્ષા-પૃથિવીની નજીક હોય છે, અથવા ૨. આ બેની (સ્વર્ગ અને પૃથિવીની) વચ્ચે જે હોય અથવા ૩. શરીરની અંદર અને ક્ષય વિનાનું જે હોય છે તે લ્લઅન્તરિક્ષલ્લ કહેવાય છે. અન્તરિક્ષના પર્યાયવાચક સોળ શબ્દોમાં એક લ્લસમુદ્રલ્લ એવો શબ્દ પણ છે. આ સમુદ્ર શબ્દ કેવી રીતે બન્યો ? તો. ૧. આમાંથી (મોજાંઓ રૂપે) પાણી દ્રવે છે; અથવા ૨.પાણી (નિમ્નાનુસારિ હોવાથી) આની તરફ જાય છે; અથવા ૩. (ઘણા પાણીને કારણે) આમાં બધાં (જળચર) પ્રાણીઓ આનંદ પામે છે. અથવા ૪. આમાં પાણી(ઉદક) ભેગું થયું હોય છે, અથવા ૫. જે ભીંજવી દે છે તે 'સમુદ્ર'?) ૧) સમ + ઉદ્ + દ્રવ ૨) સમ્ + અભિ + દ્રવ ૩) સમ્ + મુદ્ ૪) સમ્ + ઉદ્ (ક) ૫) સમ + ઉન્દ = ભીજવવું.

વાલ્મીકિકૃત અને તુલસીકૃત રામાયાણનાં રામ અને સમુદ્રના સંવાદ-પ્રસંગનો પૃથ્થકરણાત્મક અભ્યાસ :

વાલ્મીકિ રામાયણ અને તુલસીકૃત રામાયણ બંનેનું પોત-પોતાનું સામર્થ્ય છે. આપણા ધર્મગ્રંથોની અને પરંપરાઓની એ ખૂબી રહી છે કે પ્રકૃતિના વિવિધ તત્વોને દેવતુલ્ય સ્થાન આપવામાં આવ્યું છે, કે જેથી જનસામાન્યને તેની પૂજા કરવાના આશયે તેની સાચવણી-જાળવણીની પ્રેરણા આપોઆપ થાય છે. કહેવાય છે ને કે, મોટાઓનું(મહાનુભાવોનું) અનુસરણ સામાન્ય લોકો કરતાં આવ્યા છે. અહીં રામાયણમાં પણ સ્વયં ભગવાન વિષ્ણુના અવતાર એવા પ્રભુ શ્રીરામ સૌપ્રથમ સાગરની પૂજા કરે છે. તેઓ સમુદ્રને પ્રાર્થના કરે છે કે, સમુદ્ર તેમને લંકા જવાનો માર્ગ કરી આપે. જ્યારે સ્વયં પ્રભુ શ્રીરામ દ્વારા ત્રણ-ત્રણ દિવસ સુધી પૂજા-અર્ચના કરવા છતાં સમુદ્રદેવ પ્રત્યક્ષ દર્શન આપતા નથી ત્યારે મર્યાદામાં રહેનાર શ્રીરામને અતિક્રોધ આવે છે, જેનું આદિકવિ વાલ્મીકિએ ખૂબ સુંદર રીતે વર્ણન કર્યુ છે. ઉદ્દંડ સમુદ્રની સાન ઠેકાણે લાવવાનો આ પ્રસંગ વ્યાવહારિક જગતમાં જ્ઞાનને દર્શાવે છે. મજાની વાત એ છે કે, રામાયણના આ પ્રસંગે આવતા શ્લોક અને તુલસીકૃત રામાયણમાં આવતી ચૌપાઈઓ ખૂબ પ્રસિદ્ધ થઈ છે. ઘણાં શ્લોક અને ચૌપાઈ તો અવતરણ રૂપે વારંવાર પ્રયોજવામાં આવે છે.

શ્રીમદ્વાલ્મીકીય રામાયણમાં યુદ્ધકાણ્ડના એકવીસમાં અને બાવીસમાં સર્ગમાં પ્રભુ શ્રી રામ અને સમુદ્રનો એક રોચક પ્રસંગ છે.તુલસીકૃત રામાયણમાં સુંદરકાણ્ડનાં અંતિમ ચરણમાં આશરે ત્રણ દોહા અને ૨૪ ચૌપાઈમાં આ પ્રસંગ આલેખવામાં આવ્યો છે. જ્યારે વાલ્મીકિ રામાયણમાં યુદ્ધકાણ્ડમાં એકવીસમાં અને બાવીસમાં સર્ગમાં મળીને લગભગ ૮૫ શ્લોકમાં શ્રી રામ અને સમુદ્રનો પ્રસંગ વ્યાપ્ત છે.

પ્રસ્તુત લેખમાં બંને કવિઓ દ્વારા જે રીતે પ્રસંગને વર્ણવવામાં આવ્યો છે, તેમની શૈલીને દર્શાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

સત્રિરાત્રોષિતસ્તત્ર નયજ્ઞો ધર્મવત્સલઃ।
ઉપાસત તદા રામઃ સાગરં સરિતાં પતિમ ॥૧૧॥
ન ચ દર્શયતે રૂપં મન્દો રામસ્ય સાગરઃ।
પ્રયતેનાપિ રામેણ યથાર્હમભિપૂજિતઃ ॥૧૨॥

આ રીતે તે સમયે ત્યાં ત્રણ રાત સૂતા રહીને નીતિના જ્ઞાતા, ધર્મવત્સલ શ્રીરામ સરિતાઓના સ્વામી સમુદ્રની ઉપાસના કરતા રહ્યા; પરંતુ નિયમપૂર્વક રહીને શ્રી રામ દ્વારા યથોચિત સત્કાર પ્રાપ્ત કરીને પણ એ મંદમતિ મહાસાગરે એમને પોતાના આધિદૈવિક રૂપનાં દર્શન ન કરાવ્યાં — એ એમની સામે પ્રગટ ન થયો.

અવલેપઃ સમુદ્રસ્ય ન દર્શયતિ યઃ સ્વયમ્।
પ્રશમશ્ચ ક્ષમા ચૈવ આર્જવં પ્રિયવાદિતા ॥૧૪॥
અસમાર્થ્યફલા હ્યેતે નિર્ગુણેષુ સતાં ગુણાઃ।

સમુદ્રને પોતાના ઉપર બહુ અભિમાન છે, જેથી એ પોતે મારી સામે પ્રગટ થતો નથી. શાંતિ, ક્ષમા, સરળતા, અને મધુરભાષણ — એ તો સત્પુરુષોના ગુણ છે, એમનો ગુણહીનો પ્રત્યે પ્રયોગ કરવાથી એવું જ પરિણામ આવે છે કે એ પેલા ગુણવાન પુરુષને પણ અસમર્થ સમજી લે છે.

(ક્રમશઃ)

- jayuoza@gmail.com, Mo.9898046488

# પોતાના એકાંતને ઉઘાડ માટે એક અવસર આપો...





આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અમેરિકા, ભારત, બર્મા, થાઈલેન્ડમાં પ્રબુદ્ધોના પ્રિય લેખક અને ખૂબ વંચાતા જેક કોર્નફિલ્ડનું એક સરસ ચિંતન છે. એ કહે છે કે, એકાંતમાં ફક્ત ત્રણ બાબતોનો ફરક પડતો હોય છે. તમે કેવું જીવ્યા, તમે કેવો અને કેટલો પ્રેમ કર્યો અને તમે કેટલો ત્યાગ કરી શક્યા ? માત્ર આ દસ પંદર શબ્દોના ત્રણ વાક્યોમાં જેકે જીવનની અદભૂત ફિલોસોફી મૂકી દીધી છે.

એમણે બૌદ્ધ ધર્મ અને વિપશ્યના ઉપર દાયકાઓ સુધી અભ્યાસ કર્યો છે. બૌદ્ધ સાધુઓને એમણે વિપશ્યનાના પાઠ શીખવ્યા છે. અમેરિકામાં વિપશ્યના મુવમેન્ટના જેક ભીષ્મ પિતામહ ગણાય છે. એકાંત અને એમાંથી પ્રાપ્ત થતા ખજાનાને જેક બખૂબી શબ્દ દેહ આપી વર્ણવે છે. ધ વાઈઝ હાર્ટ, અ પાથ વીથ હાર્ટ, નો ટાઈમ લાઈક ધ પ્રેઝન્ટ, અ લેમ્પ ઈન ડાર્કનેસ, બુદ્ધા ઈઝ સ્ટીલ ટીચીંગ જેવા જેકના અનેક પુસ્તકો બેસ્ટ સેલર શ્રેણીમાં આવે છે. વિશ્વમાં ઘણા જેકના ડાઈ હાર્ડ રીડર કમ ફેન છે.

એકાંતમાં વ્યક્તિ સંપૂર્ણ રીતે પોતાની સાથે જ હોય છે. પોતાની જાત સાથે ચિક્કાર આનંદ કરે છે. એકાંતમાં વ્યક્તિ જબરજસ્ત તાકાતવર બની ઊભરી શકે છે. પોતાનો પરમ મિત્ર બની શકે છે. શક્ય છે કદાચ એનાથી વિપરીત પણ બને. વ્યક્તિ પોતાનો દુશ્મન પણ બની જાય. એકાંતમાં અત્યંત નબળો બની ભયભીત પણ થઈ જાય.

એકાંત અને એકલતા આ બન્ને શબ્દોમાં આસમાન જમીનનો ફરક છે. એકાંત એટલે હું મારી સાથે મજબૂત રીતે ઊભો છું. એકલતા એટલે મારું કોઈ નથી. મારી પડખે કોઈ ઊભું રહેવા તૈયાર નથી. એક પણ શબ્દ ન બોલીને ચુપ રહીને એકાંત માણવાની મજા છે. આત્માનો કોઈ સર્વશ્રેષ્ઠ સાથી હોય તો એ નિશબ્દ મૌન અને એકાંત છે. એકાંતને તો ભર્યા ભર્યા મને માણવાની મોજ આવે. એકલતા ન છૂટકે ભોગવવી પડતી મજબૂરી છે.

એક ચિંતકે એકાંતની પરિભાષા સમજાવતા કહ્યું છે કે, એકાંત એટલે એક સાત્વિક ક્ષણનો અંત થાય અને એની સાથે જ પરમ સાત્વિક ઉલ્લાસનો આરંભ થાય. આધ્યાત્મના અલૌકિક આનંદની ભોર એકાંતના અમૃતના ઘુંટડે ઘુંટડે દ્રશ્યમાન થતી હોય છે. એકાંતમાં આત્માની પ્યાસ અને મૌનનું મૂલ્યવાન ભાથુ મળે છે. એકાંતને ન સમજી શકનારા, ન માણી શકનારા એકાંતથી ડરી જાય છે. આદિલ સાહેબનો આ સંદર્ભમાં સદાય પરમ આનંદ આપે એવો અદભૂત શેર છે.

'હા, ભીડમાં જ સારું
બધામાં ભળી જવાય,
એકાંતમા તો જાતને સામે
મળી જવાય...

કોઈ કવિ, લેખક, વિચારક કે ચિંતક જ્યારે મધ્ય રાત્રિએ કલમ અને કાગળ લઈને લખવા બેસતો હોય ત્યારે એને એનું એકાંત સૌથી પ્રિય સ્નેહીજન જેવું લાગે. જગતની જદ્દોજહદ, હુંસાતુંસી, ટાંટીયા ખેંચ અને રૂપિયા પૈસા, સત્તાની દોટંદોટનો થાક લાગે ત્યારે એકાંતનો એકતારો અલૌકિક લાગે. હંમેશા મિત્રો અને મુશાયરા, મહેફિલો અને પાર્ટીઓમાં ગુલતાન વ્યક્તિ જ્યારે અચાનક એકાંતમાં આવે ત્યારે પોતાની જાત સાથેની દોસ્તી એને ગમે છે. પોતાની સાથે સંવાદની ક્ષણો સ્વયં મહેફિલનો આનંદ આપતી હોય એવું લાગે.

વ્યક્તિએ દિવસમાં થોડો સમય પોતાની જાતને મળવા માટે કાઢવો જોઈએ. એકલા પડી જઈએ ત્યારે એકાંતમાં છીએ એમ સમજવાની ભૂલ જ ભયાનક સ્વરૂપ ધારણ કરી પોતાની જાતને મળવાનો અવસર નથી પેદા થવા દેતી. પોતાના વ્યક્તિત્વના ઘડતર અને આંતરિક ચેતનાની જાગૃતિ માટેનું પહેલું મહત્વપૂર્ણ પગલું એકાંત છે. સમયનું યોગ્ય આયોજન કરી થોડો સમય એકાંત પાળવા પોતાની જાતને રચનાત્મક એંગલ ઉપર લઈ જવાની નિષ્ઠાપૂર્વકની કોશિષ કરવા જેવી છે.

એક વાત તો સ્પષ્ટ છે કે, એકાંતના સમયમાં વ્યક્તિનું મન લક્ષ્ય કેન્દ્રિત અને વૈચારિક રીતે વધુ સ્પષ્ટ હોય છે. એકાંતના સમયમાં મૌલિક વિચારો અને ઊર્ધ્વગામી સંકેતો મળતા હોય છે. દિવસના થોડો સમય એકાંતમાં રહેવાની કોશિષ કરી જૂઓ. આ સમય સૌથી વધુ એનર્જેટિક અને નવા અદભુત વિચારોની ખાણ બની જતી હોવાનો અનુભવ થયા વગર નહીં રહે. પોતાના મનમાં આવતા વિચારોને દ્રષ્ટા બનીને નિખરવાની મોજ લઈ જૂઓ. આધ્યાત્મિક ધ્યાન અને ઐશ્વરિય ચેતના માટે કોઈ ખાસ પ્રયાસની ક્યાં જરૂર છે ? પોતાના એકાંતને ઉઘડવાનો એક અવસર તો આપો. પછી જૂઓ તમારા મન અને આત્મા બન્ને સાથે મળીને કેવો મઝાનો આનંદનો ઉત્સવ ઉજવે છે.

**ધબકાર :**

**એકાંત મળવું એ વરદાન છે અને એકલતા અભિષાપ છે.**